ગાંધીનગર સમાચાર

સોમવારે બુધ સંક્રમણનો અદભૂત નજારો જોવા મળશે

## @ગાંધીનગર

● પેથાપુર મા અંબા મંડળ દ્વારા બપોરે ૨.૩૦ કલાકે હર્ષાબેન રાજગુરુના નિવાસસ્થાન બંગલા નં. કે-૩૦૨ મહાલક્ષ્મી સોસાયટી ખાતે આનંદનો ગરબો યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો ઉર્મિલાબેન ચૌહાણના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૭૭/૨, સે-૨-બી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● રાંધેજા સ્થિત શ્રી આશાપુરા મિત્ર મંડળ દ્વારા બાબા રામદેવજી ભગવાનનો ત્રેતીસ જયોતિનો પાટોત્સવ શનિવારે રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે તેમજ અમર સંતવાણી અને લોકડાયરો પણ યોજાશે.

● સે-૨૮ની સરકારી ઈજનેરી કોલેજ દ્વારા બપોરે ૩.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ અવેરનેસ કાર્યક્રમ યોજાશે.

● સે-૯ એ ખાતે અંબિકા સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૯મા પાટોત્સવમાં સાંજે ૫.૦૦ કલાકે મા અંબા ભવાનીની શોભાયાત્રા (જલયાત્રા) યોજાશે તથા રાત્રે ૮.૩૦ કલાકે કલાકાર સંજયભાઈ સોનીના કંઠે સુંદરકાંડના પાઠ અને શિવ તાંડવ નૃત્ય યોજાશે.

# શહેરના ઘ-૧ પાસે બે કાર વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના માર્ગો પર કાર અકસ્માતના બનાવોમાં વધારો થવા પામ્યો છે. ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરીને વાહન ચાલકો બેફામ ગતિએ પોતાના વાહનો હંકારતા આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે. શહેરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૧ પાસે સવારના સમયે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે સદનસીબે કારમાં સવાર વ્યકિતઓને સામાન્ય ઈજા થવા પામી હતી. રોડ વચાળે અકસ્માતને પગલે ટ્રાફીક જામ થઈ ગયો હતો અને અકસ્માત જોવા સ્થાનિક લોકો ટોળે વળ્યા હતા.

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પહોળા અને ચકાચક હોવાથી વાહનચાલકો બેફામ ગતિએ પોતાના વાહનો હંકારતા નજરે પડે છે. ત્યારે કેટલાક નબીરાઓ તો માર્ગોને પોતાનો માર્ગ સમજતા હોય તેમ ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરીને ધુમ સ્ટાઈલે વાહનો હંકારી અન્ય શહેરના વાહન ચાલકોને પણ તકલીફમાં મુકતા હોય છે. શહેરમાં વાહનો વધવાને પગલે માર્ગ અકસ્માતની સંખ્યામાં પણ ચિંતાજનક વધારો થવા પામ્યો છે. આજે સવારના સમયે શહેરના ઘ માર્ગ પરથી ઘ-૨ થી ઘ-૦ તરફ ફોર્ડ ફીગો કાર નંબર-આરજે૨૭સીબી-૮૮૬૧ જઈ રહી હતી તે દરમિયાન સેકટરના આંતરીક માર્ગ પરથી મુખ્ય માર્ગ પર વળાંક લઈ રહેલી આઈ-૨૦ કાર નં-જીજે૧આરએ-૨૬૨૧ આવી જતા બંન્ને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા સ્થાનિકો બચાવ માટે આવી પહોંચ્યા હતા. જોકે કાર ચાલક અને અન્ય લોકો ને સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે બંન્ને કારના આગળના ભાગને ભારે નુકશાન થવા પામ્યું હતું.






લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા જરૂરિયામંદ ગરીબ બાળકોને ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાહત મળે તે હેતુથી પગરખા વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેકટર-૨૦ની ઝુંપડપટ્ટી અને બોરીજ ગામના જરૂરિયાતમંદ બાળકો, યુવાનો તથા બહેનોને ૧૪૦થી વધુ પગરખા જોડીનું વિતરણ કરાયું હતું. આ સેવાકાર્યમાં પ્રમુખ વૈશાલીબેન જોષી, મીનાબેન ત્રિવેદી, ચંદા યાદવ, વીણાબેન વોરા, આશાબેન સરવૈયા, નીલાબેન પટલે, દક્ષા જાદવ તથા કલબના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

# આદિવાસી ચેતના પર બી. કેશરશિવમ્ લિખિત બે પુસ્તકોનું વિમોચન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર શ્રી બી. કેશરશિવમ દ્વારા આદિવાસી ચેતના પર લખાયેલા વારતાના બે પુસ્તકો 'બી. કેશરશિવમની આદિજાતિ ચેતનાની વાર્તાઓ' અને 'બી. કેશરશિવમ વાર્તા સ્પર્ધા-આદિજાતિ ચેતનાની વાર્તાઓ'નું વિમોચન રાજયાપાલશ્રીના હસ્તે કરાયું હતું.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે શ્રી બી. કેશરશિવમ સરકારી સેવામાં હોવા છતાં તેમની સર્જનશીલતાએ શ્રેષ્ઠ સાહિત્યના સર્જન માટે તેમને પ્રેરિત કર્યા હતા. તેના પરિણામે આદિવાસી અને દલિત લોકોમાં ચેતના જગાવવા સાહિત્યનું સર્જન થયું હતું જે પ્રશંસનીય છે.

રાજયપાલશ્રીએ આશા વ્યકત કરી હતી કે શ્રી બી. કેશરશિવમ ભવિષ્યમાં પણ સાહિત્ય રચનામાં પ્રવૃત્ત રહેશે જેથી સમાજને તેમના સાહિત્યનો અમૂલ્ય લાભ મળતો રહેશે.

આ પ્રસંગે ગુજરાતી લેખક અને સાહિત્યકાર શ્રી કેશુભાઈ દેસાઈએ શ્રી બી. કેશરશિવમના આદિવાસી અને દલિત સાહિત્યની રચનાઓ સમાજને જાગૃત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે તેમ જણાવ્યું હતું. ગુજરાત વિદ્યાપીઠના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ઉષાબેન ઉપાધ્યાય અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાએ પણ શ્રી બી. કેશરશિવમને બે પુસ્તકોના વિમોચન માટે અભિનંદન આપ્યા હતા. પ્રારંભમાં પુસ્તકોના લેખક શ્રી બી. કેશરશિવમે તેમની સાહિત્ય સર્જનની યાત્રાની રૂપરેખા આપી હતી અને તેમને પ્રેરણાબળ પુરું પાડવા માટે સૌનો આભાર માન્યો હતો. ડૉ. આનંદ વસાવાએ કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

## વાતવાતમાં

● નવી મહાનગર પાલિકાની સામાન્ય સભામાં મેયરની પસંદગીએ શહેરમાં ભારે ઉત્તેજના જગાવી હતી. મનપાની બેઠકના સમયે મોટી સંખ્યામાં ઉમટી પડેલા રાજકીય પક્ષોના કાર્યકરોએ ઘ માર્ગ પર અને આંતરિક માર્ગો પર તેમના વાહનોનું આડેધડ પાર્કિંગ કરતા અન્ય વાહનચાલકોને ભારે અગવડનો સામનો કરવો પડયો હતો.

● નગરમાં ચૌરેને ચૌટે મેયર પ્રવિણ પટેલની પક્ષપલ્ટાની ચર્ચાઓમાં નગરજનો સતત વ્યસ્ત રહ્યા હતા. ખાસ કરીને પાટીદાર સમાજના મતદારો જેમણે અનામત આંદોલનના પગલે ભાજપને મત નહી આપી પ્રવિણ પટેલને સમર્થન આપ્યું હતું તેમણે આક્રોશ સાથે ફિટકાર વરસાવ્યો હતો.

● પાટીદાર ન્યુઝના નામથી આગામી ત્રણ માસમાં રાજયભરમાં રેલીઓ, સભાઓ અને સંમેલનો યોજવાના કાર્યક્રમની રૂપરેખાના મેસેજ વ્હોટસએપ પર વાઈરલ થયા છે. વળી એસપીજી અને પાસના સિમ્બોલ સાથે એક પત્રિકા પણ વાઈરલ થઈ છે જેમાં પાટીદાર સમાજના વડીલો તથા યુવાનો વચ્ચે ભંગાણ પાડી આંદોલનને ૨૦૧૭ની ચુંટણીઓ સુધી લંબાવે રાખવાના કાવતરાથી ચેતવાની સલાહ અપાઈ છે.

● બહુચર્ચિત રેવન્યુ તલાટીની પરીક્ષાનું પરિણામ જાહેર થવા પામ્યું છે. માંડ માંડ કૌભાંડોની છાયામાંથી બહાર આવેલ તલાટીની ભરતી પ્રક્રિયા હવે આગળ ધપશે.

● શહેરમાં આજે વાતાવરણ કભી ધૂપ, કભી છાંવ વાળુ રહ્યું હતું. જો કે તાપમાનમાં ઘટાડો થતા નગરજનો હાશ અનુભવી રહ્યાં છે.

## આજે સે-૨૨ જૈન દેરાસરમાં જ્ઞાન સંસ્કાર શિબિર યોજાશે

સ્મિતાબેન ટોળીયાના વર્ષીતપ વ્રતના પારણા પ્રસંગ નિમિત્તે તા. ૭મી મેના રોજ સે-૨૨, જૈન દેરાસર ખાતે જ્ઞાન સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દરમિયાન બોટાદ સંપ્રદાયના ગચ્છાધપિત અમીચંદજી મહારાજ, શૈલેશમુનિ તેમજ લીંબડી ગોપાલ સંપ્રદાયના દિપ મુનિ તથા દિવ્ય મુનિ તેમજ મહાસતીજીઓ શ્રધ્ધાબાઈ અવનીબાઈ, નિધિબાઈ, લબ્ધિબાઈ અને પૂનમબાઈ હાજર રહેશે.

## શહેર પેન્શનર્સ સમાજ તેજસ્વી તારલાનું સન્માન કરશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આજીવન સભ્યશ્રીઓના શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં ધોરણ ૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ માર્કસ મેળવી ઉત્તીર્ણ થયેલ 'તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ' દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજવામાં આવનાર છે. સંસ્થાનું આજીવન સભ્યપદ ધરાવતા પેન્શનર મિત્રોના પૌત્ર-પૌત્રીઓના ગુણપત્રકની નકલ મોડામાં મોડા તા. ૧૦ જુન સુધીમાં જે તે સેકટરના કાર્યવાહક સમિતિના સભ્યોને પહોંચાડવાની રહેશે તેમ પણ જણાવાયું છે. વધુમાં આ ગુણપત્રકની નકલ ઉપર પેન્શનરનું નામ, પેન્શનરનો આજીવન સભ્યક્રમાંક, રહેઠાણનું સરનામું, વિદ્યાર્થીના પિતાનું નામ, ફોન નંબરની વિગતો ઉપરાંત મેળવેલ ગુણની ટકાવારી જણાવવાની રહેશે.

## સે-૨૩ જનતકુમાર ભગુભાઈ શાળામાં યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૬

યોગ, સંરક્ષણ, સ્વચ્છતા અને વ્યકિતત્વ આ સર્વે માનવવિકાસના પાયાના એકમો ગણાય છે. ભારતીય પ્રાચીન વિદ્યા યોગ જગતમાં હવે સર્વત્ર માન્યતા પ્રાપ્ત કરી પ્રચલિત બની છે. બાળકોની સાથે સાથે શિક્ષકોના મનની સ્થિરતા, તનની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં શિક્ષકો માટે તા. ૨૬ એપ્રિલ દરમિયાન યોગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના તમામ શિક્ષકોએ રસ પૂર્વક ભાગ લઈ યોગાભ્યાસ કર્યો હતો.સમગ્ર તાલીમ શાળાના યોગ નિષ્ણાંત શિક્ષિકાઓ ચેતનાબેન પટેલ, વિદ્યાબેન પટેલ, ડાહીબેન પટેલ અને સરોજબેન પટેલ દ્વારા આપવામાં આવી હતી.

આ તબક્કે શાળાના આચાર્યા નીવાબેન પટેલે યોગ તાલીમ દ્વારા શિક્ષકો બાળકોનું ચારિત્ર્ય ઘડતર કરી આત્મવિશ્વાસથી અને શ્રધ્ધાથી અભ્યાસ કરાવશે તેવા વિશ્વાસ સાથે શુભેચ્છા પાઠવી હતી.

# કુડાસણ ખાતે ફિઝિયોથેરેપી સારવાર-નિદાન કેમ્પ યોજાયો





કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી દ્વારા કુડાસણ ગામે નિઃશુલ્ક સાવાર તથા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૪૦થી વધુ દર્દીઓએ માર્ગદર્શનનો લાભ લીધો હતો.

કુડાસણ ગામે યોજાયેલ ફિઝિયોથેરેપી સારવાર તથા નિદાન કેમ્પમાં ગાંધીનગરની ફિઝિયોથેરેપી કોલેજના પ્રાધ્યાપકો ડૉ. રૂચિર પટેલ તથા ડૉ. હેતલ જૈન દ્વારા નિદાન તથા સારવાર અંગેની સેવાઓ તેમજ દર્દીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વા, લકવો, કમરનો દુઃખાવો, ઘુંટણનો દુઃખાવો, સ્નાયુ તથા સાંધાનો દુઃખાવો જેવી તકલીફો અંગે તપાસ કરવામાં આવી હતી તથા તેની સારવાર અને જરૂરી યોગ્ય માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. સમગ્ર કેમ્પ કોલેજના આચાર્યના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના ૭ વિદ્યાર્થીઓએ પણ સેવાઓ આપી હતી.

# ડ્રોન દ્વારા ચોકલેટસનો વરસાદ થતા બાળકો આનંદિત થયા

ગાંધીનગર, તા.૬

સે-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નવા નવા વૈજ્ઞાનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ નવું શીખે તે હેતુથી ડ્રોન વિશે ટેકનીકલ સમજ અને તેના લાઈવ નિદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો.

આધુનિક સમયમાં ડ્રોનને એનનેમડ એરીયલ વ્હીકલ (યુએવી) અથવા અનનેમડ એરક્રાફટ સીસ્ટમ (યુએએસ)થી ઓળખવામાં આવે છે. અત્યારે ડ્રોનનો મુખ્ય ઉપયોગ જાસુસી કરવા, નકશા માપવા માટે, પુષ્પવર્ષા માટે, ખેતરમાં દવા છાંટવા માટે તેમજ કુરિયર સર્વિસ અને વિડીયોગ્રાફી કરવા માટે થાય છે. આ કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે પ્રદિપભાઈ પટેલ આસીસ્ટન્ટ પ્રોફેસર, મીકેટ્રોનીક ડીપાર્ટમેન્ટ યુ.વી. પટેલ એન્જીનીયરીંગ કોલેજ-ખેરવા ગણપત યુનિ. તેમજ હિરેનભાઈ પટેલ આસીસ્ટન્ટ પ્રોફેસર મીકેનીક ડીપાર્ટમેન્ટ એસી.વી.બી.આઈ.ટી. એન્જીનીયરીંગ કોલેજ, વાસન ઉપસ્થિત રહ્યા હતા. પ્રદિપભાઈએ



વિદ્યાર્થીઓને ટેકનિકલ માહિતી આપી હતી અને તેના વિડીયો બતાવ્યા હતા તેમજ તેના જુદા જુદા ભાગો અને ઉપયોગ વિશે ઉંડાણપૂર્વક સમજ આપી હતી. વિદ્યાર્થીઓને ડ્રોનનો લાઈવ ડેમો પણ બતાડવામાં આવ્યો હતો. ડ્રોનને હવામાં સ્થીર કરીને વિદ્યાર્થીઓ પર ચોકલેટસનો વરસાદ પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૭૫ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## કડવા પાટીદાર સમાજ દ્વારા ૧૩મા પાટોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૬

કડવા પાટીદાર સમાજ દ્વારા કુળદેવી ઉમિયા માતાજીના ૧૩મા પાટોત્સવનું ૨૦મી મેના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે ઉમિયા પરિવારના સભ્યોએ પોતાના સેકટરના પ્રતિનિધિ તથા સમાજના ગોળના પ્રમુખ કમ મંત્રી અને મંદિરના કાર્યાલયમાંથી તા.૧૨મી મે સુધીમાં ભોજન પાસ મેળવી લેવા સંસ્થાના મહામંત્રી ભોળાભાઈ પટેલે અનુરોધ કર્યો છે.

# સોમવારે બુધ સંક્રમણનો અદભૂત નજારો જોવા મળશે

### તા.૯મી મે એ સાંજે ૪.૩૦ થી ૭.૧૧ સુધી સંક્રમણ જોવાશે : આ ખગોળીય ઘટનાને નિહાળવા સાયન્સ સીટીમાં ફ્રી એન્ટ્રી અપાશે

ગાંધીનગર, તા.૬

બુધના સંક્રમણની મહત્વપૂર્ણ ખગોળીય ઘટનાના પ્રચાર પ્રસાર માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત રાજય દ્વારા રાજયવ્યાપી કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ હોવાનું રાજયના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગના મંત્રી ગોવિંદભાઈ પટેલે જણાવ્યું છે.

આગામી તા. ૯ મે ૨૦૧૬ દરેક માટે બુધ સાથે મળવાનો દિવસ હશે. આ અવિસ્મરણીય ઘટના છેલ્લે ૮મી નવેમ્બર ૨૦૦૬ના રોજ જોવા મળી હતી. બુધનું સંક્રમણ દરેક શતાબ્દિમાં ૧૩ વાર થાય છે. તેથી જ જવલ્લેજ જોવા મળતી ઐતિહાસિક ખગોળીય ઘટના છે. ગુજરાત સાયન્સ સીટીમાં આ અદભૂત ઘટના નિહાળવા માટે ફ્રી એન્ટ્રી રહેશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

આ ઐતિહાસિક ખગોળીય ઘટના છે. આ અનોખી ઘટનામાં દિવસે સૂર્યની સપાટી પરથી બુધ ગ્રહ એક કાળા ટપકાની જેમ પસાર થતો જોવા મળશે. તેને બુધનું સંક્રમણની ઘટના કહે છે. ૯મે ના રોજ થનાર આ ઘટના સાંજે ૪.૩૦ થી ૭.૧૧ સુધી જોઈ શકાશે. આ ઘટનાને નરી આંખે જોવી નહીં કારણ કે તેનાથી આંખને નુકશાન થઈ શકે છે. ટેલીસ્કોપની મદદથી સૂર્યની ઈમેજને જોઈ શકાશે. આ સંક્રમણને નરી આંખે ન નિહાળતા યોગ્ય સોલર ફિલ્ટરનો ઉપયોગ કરવો



જરૂરી છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) એ લોકવિજ્ઞાન કેન્દ્રો અને સાયન્સ કલબના માધ્યમ દ્વારા આ સંક્રમણ નિહાળવા 'સ્પોટ ધ સ્પોટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત સાયન્સ સીટીમાં આ ઐતિહાસિક ખગોળીય ઘટનાને જોવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે આ દિવસો વિજ્ઞાનના શિક્ષકો, કોમ્યુનિકેટર્સ તેમજ એમેચ્યોર એસ્ટ્રોનોટસ માટે વર્કશોપ, વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિકો સાથે વિચાર વિમર્શ અને હેન્ડસ ઓન પ્રવૃત્તિનું પણ આયોજન સાયન્સ સીટી ખાતે કરવામાં આવ્યું છે.

વિજ્ઞાન અને પ્રદ્યોગિકી વિભાગના સચિવશ્રી ધનંજય દ્વિવેદીના જણાવ્યા મુજબ વૈજ્ઞાનિકો આ સંક્રમણ પરથી તેઓને દૂર આવેલા તારાઓની કક્ષાઓની અંતરોનો અભ્યાસ કરવા માટેની ચાવીરૂપ માહિતી (ડેટા) પૂરી પાડશે. બુધ સંક્રમણને પરિણામે વૈજ્ઞાનિકો અને માણસોને નવી માહિતી મળી રહેશે. આ અદ્વિતીય ખગોળીય ઘટના વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન માટે જ્ઞાન પુરું પાડશે.

આ કાર્યક્રમના પ્રચાર અને પ્રસાર માટે બાયસેગ દ્વારા વંદે ગુજરાત ચેનલ પર લાઈવ ટેલિકાસ્ટીંગ કરવામાં આવશે જે ડીટીએચ પરથી ઘર બેઠા નિહાળી શકાશે.

આ ઘટનાને નિહળવા માટે, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને જાહેર જનતા માટે પ્રવૃત્તિઓ અને બુધ સંક્રમણ અંગેના સાહિત્યની રચના કરેલ છે.

## આવતીકાલે શહેરમાં પરશુરામ ભગવાનની શોભાયાત્રા

ગાંધીનગર, તા.૬

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ ભગવાનની જન્મ જયંતિ નિમિત્તે આગામી તા ૮મી મે ના રોજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તે સવારે ૯.૦૦ કલાકે સેકટર-૧૬ના સોમનાથ મહાદેવ ખાતેથી શોભાયાત્રા આરંભાશે. આ શોભાયાત્રા ઘ રોડ થી પંચદેવ મંદિર, વૈજનાથ મંદિર, ચ-૬, ઘ-૬, સેકટર-૨૪ ચોકડી, સે-૨૭, સે-૪ તથા સે-૩, સે-૨ સ્વામિનારાયણ મંદિર, સે-૧, સે-૮ ત્ર્યંબકેશ્વર મંદિર, ચ રોડ થઈ સે-૧૭ના હનુમાન મંદિરના માર્ગો પર ફરશે. ત્યારબાદ સેકટર-૧૬ના સોમનાથ મહાદેવ ખાતે શોભાયાત્રા પૂર્ણ કરાશે. આ ભવ્ય શોભાયાત્રામાં ૬૦૦થી વધુ ભૂદેવો જોડાશે. શોભાયાત્રામાં ફોર વ્હીલર, ૧૫ બાઈક તેમજ ૨૦ ટુ વ્હીલર હશે. શોભાયાત્રામાં નગરના તમામ ભાવિક ભકતોને જોડાવવા શોભાયાત્રાના કન્વીનર જીગર ત્રિવેદીએ અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. પંકજ પ્રવિણજી મકવાણા, ઉ.વ. ૧૩
- સ્વ. વિરાજી પ્રભુજી વણઝારા, ઉ.વ. ૮૦
- સ્વ. દેવીબેન જેઠાલાલ મંગતાણી, ઉ.વ. ૫૩
- સ્વ. શાંતાબેન ભાઈલાલભાઈ કડીયા, ઉ.વ. ૮૬